## જન્મદિને વધામણી



રજનીકાંત વૈષ્ણવ
મો.૯૮૨૫૬૧૬૩૩૬



મંથન અનિલકુમાર પુરોહિત
મો.૯૮૨૪૭૩૫૪૫૭



દેવેન્દ્ર ડુંગાણી
ફોન.૨૩૨૨૫૯૨૫



તારાબેન અંજામ
મો. ૯૯૭૮૯૨૫૦૫૩

# સોજા હાઈસ્કૂલ ખાતે યોજાયેલ આંતર યુવા મંડળ ખેલ પ્રતિયોગિતા







ગાંધીનગર, તા.૧૪

કલોક તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજા'ના પટાંગણમાં આજ રોજ આંતર યુવા મંડળ ખેલ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદના સહયોગથી આયોજિત સદર કાર્યક્રમમાં સોજા હાઈસ્કૂલના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચત્તર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના અધ્યેતા ભાઈબહેનો સહિત સોજા તથા ગોલથરા ગામના અનેક યુવા મિત્રોએ હોંશભેર ભાગ લીધો હતો. કબડ્ડી, ખો-ખો, લંગડી અને સ્લો સાયકલીંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર રમતોમાં વિજેતા બનનાર બાળકો, યુવક-યુવતીઓને ઈનામ-ટ્રોફી-પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને ભાગ લેનાર તમામને આશ્વાસન ઈનામોથી અભિપ્રેરિત કરવામાં આવ્યા હતા. બાળકો અને યુવાઓને રમતગમતનું મહત્ત્વ સમજાય અને ખેલદિલી-સંપ-ભાવના-એકતા શરીર સૌષ્ઠવ જેવા કૌશલ્ય વિકસે એવા શુભાશયથી આયોજિત સદર કાર્યક્રમનું સફળ સંચાલન નહેરુ યુવા કેન્દ્રના પ્રમુખ કુ. ગુડ્ડી મકવાણા, સહાયક કુ. પૂજા પટેલ, કલા શિક્ષક ભરતભાઈ પટેલ તથા ગણિત શિક્ષક રાકેશ પ્રજાપતિએ કર્યું હતું.

કાર્યક્રમમાં સોજા કેળવણી મંડળના પ્રમુખ અને કલોક તાલુકા પંચાયત સદસ્ય નારણભાઈ પટેલ તથા દૂધસાગર ડેરીના મંત્રી ઘનશ્યામસિંહ વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. એકંદરે સમગ્ર કાર્યક્રમ સુંદર, સફળ, સુચારુ, પ્રભાવક, અભિપ્રેરક, અનુકરણીય, પ્રસંશનીય બની રહ્યો હતો એમ શાળાના આચાર્યએ ભાવેશભાઈ જોષીએ જણાવ્યું છે.



કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે શાળાના આચાર્ય શ્રમતી ભાવનાબા વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ તા. ૧૨-૧૨-૨૦૧૫ શનિવારના રોજ ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના વાલીઓ માટે 'વાલી ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેમાનપદે શાળાના પુર્વ સુપરવાઈઝર શ્રી ચીનુભાઈ પટેલ હાજર રહ્યા હતા. પ્રાર્થનાના શુભારંભ બાદ આચાર્યશ્રીએ વાલીઓનું સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થીઓના પરીક્ષાલક્ષી એકશન પ્લાનની વિગત આપી હતી. વિદ્યાર્થીઓ માટે અઘરા પડતા ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયો માટે પરીક્ષાલક્ષી વિશેષ માર્ગદર્શન-પ્રશ્નપત્રો ના જવાબો લખવાની પ્રેકટીસ કરવા તથા બાળકોની નિયમિતતા તથા મહેનત અને શાળા પરિવારના શિક્ષકોના માર્ગદર્શન થકી સફળતા મળશે જ તેવી અભિલાષા રજુ કરી હતી. આ શિબિરમાં ૨૦૦ વાલીઓ હાજર રહ્યા હતા. ચીનુભાઈ સાહેબે શાળા-ઘર-મા-બાપમાં કેન્દ્રબિંદુ બાળક છે જેને સમજણ, જવાબદારીપૂર્ણ સ્નેહ થકી પ્રયત્નો સફળતા અપાવશે તેવી બાબત ઉદાહરણસહ રજુ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નારાયણભાઈ લી. પટેલે કર્યું હતું. જયારે આભારવિધિ વર્ષાબેન પટેલે કરી હતી.

# ભવિષ્યની શોધ 'વેલ્યુ ફોર મની નહીં પણ વેલ્યુ ફોર મેની' હોવી જોઈએ

ગાંધીનગર, તા. ૧૪

ભારત સત્યમ, શિવમ અને સુંદરમની થિયરીમાં માને છે. હાલમાં સુંદર પીચાઈ ગૂગલના સીઈઓ તરીકે, સત્યા નડાલ માઈક્રોસોફ્ટના સીઈઓ તરીકે કાર્યરત છે. આ બન્ને ભારતીય મૂળના યુવાનો છે. આગામી દિવસોમાં કોઈ શિવા ગ્લોબલ જાયન્ટ તરીકે એપલ, આઈબીએમ અને ઈન્ટેલના સીઈઓ બની શકે તેવું કોણ જાણી શકશે ? માટે તમે પણ આગામી દિવસોમાં માઈક્રોસોફ્ટ, ગૂગલ જેવી શોધ ૨૧મી સદીમાં ભારત માટે કરી શકો તેમ છો. તમારે આદર્શ શોધ-સંશોધનકર્તા શોધવા જવાની જરૂર જ નથી કારણ કે નિરમાના પ્રણેતા પોતે જ આ માટેનું જીવંત ઉદાહરણ છે તેમ નિરમા યુનિવર્સિટીના ૨૦મા પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા નેશનલ રીસર્ચ પ્રોફેસર અને ગ્લોબલ રિસર્ચ એલાયન્સના પ્રેસિડન્ટ ડો. રઘુનાથ એ.માશેલકરે વિદ્યાર્થીઓને દિક્ષાંત પ્રવચન આપતાં કહ્યું હતું.

પદવીદાનમાં વિદ્યાથીઓને પોતાના અનુભવનો નીચોડ આપતાં તેમણે કહ્યું કે અમે ગ્રેજ્યુએટ થયા ત્યારે ભારત ત્રીજા રાષ્ટ્ર બનવા માટે સંઘર્ષ કરતું હતું. તમે જયારે ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી રહ્યા છો ત્યારે બધા હવે બધા માને છે કે ભારત થર્ડ મોસ્ટ પાવરફૂલ દેશ છે. હવે તમારે દેશનું ભવિષ્ય ઘડવાનું છે. તમે જ્યારે નવી દુનિયામાં પ્રવેશી રહ્યા છો ત્યારે તમારી સામે અનેક પ્રકારની ચેલેન્જ છે 'વુકા' એટલે કે અસ્થિરતા, અનિશ્ચિતતા જટીલતા અને અસ્પષ્ટતા જેવી અનેક સમસ્યાઓ ઉભેલી છે. તમારે આ તમામનો સામનો કરીને નવા ભારતનું ઘડતર કરવાનું છે.આગામી દિવસોમાં ભારતને 'વેલ્યૂ ફોર મનીના બદલે વેલ્યુ ફોર મેની' એટલે કે લોકોને માત્ર સસ્તુ આપવું જરૂરી નથી પરંતુ સમગ્ર દેશના તમામ લોકોને પોષાય તેવું આપવું જરૂરી છે. આ માટે તેઓએ વિદ્યાથીઓને ઉદાહરણ આપ્યું હતું કે ૧૦ વર્ષ પહેલા ભારતમાં ૧૦ મિલિયન લોકો મોબાઈલ વાપરતાં હતા પરંતુ આજે ૯૫૦ મિલિયન લોકો મોબાઈલ વાપરે છે. સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતાં માણસો પણ આજે એક હજાર રૂપિયામાં મોબાઈલ ખરીદી શકે છે. આપણે ત્યાં સમગ્ર દુનિયાની સરખામણીમાં સૌથી ઓછા દરે મેસેજ અને કોલ થાય છે. જે આપણા દેશની ટેલિકોમ્યુનિકેશન ક્રાંતિને આભારી છે. આ માટે તેઓ રીલાયન્સના પ્રણેતા ધીરૂભાઈ અંબાણીના વિઝન વેલ્યુ ફોર મની નહી વેલ્યૂ ફોમ મેની ને બિરદાવ્યું હતું. ડિગ્રી લઈને દુનિયામાં પ્રવેશ કરતાં વિદ્યાથીઓમાં કેવા પ્રકારની કવોલિટી હોવી જોઈએ તે અંગે માશલકરે કહ્યું કે, ત્રણ પ્રકારની કવોલીટી જરૂરી છે. બ્રેઈન સાથે ઈનોવેશન, પેશન અને હૃદયમાં કરુણતા, માનવતા જરૂરી છે. આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ જો કોઈ શોધ અને સંશોધન કરે તે સામાન્ય લોકોને સસ્તી પડે તેવી નહીં પરંતુ વધુ સસ્તુ પડે તેવી પ્રક્રિયા કરવી પડશે. હાલમાં જે વસ્તુની કિંમત છે તેના કરતાં ૧૦થી ૫૦ ટકા સસ્તુ નહી પરંતુ ૧૦થી ૫૦ ગણુ સસ્તી વસ્તુ બનાવવી પડશે. પોતાના વકતવ્યના અંતમાં તેઓએ વિદ્યાથીઓને પાંચ માશેલકર મંત્ર એટલે કે જીવનમંત્ર આપ્યા હતા. જેમાં મુખ્યત્વે જીવનમાં ઊંચુ ધ્યેય અને ઈચ્છાઓ રાખો, સખ્ત મહેનત કરો તેમણે પોતાનો દાખલો આપતાં કહ્યું કે હુ અત્યારે ૭૨ વર્ષની ઉમરે પણ સળંગ સાત દિવસ ૨૪ કલાક કામ કરું છું. તેમણે વિદ્યાથીઓને કહ્યું કે 'શાંતિથી સખ્ત મહેનત કરો, તમારી સફળતાં જ તમારું નામ ગજવશે'. સફળતાં કયારેય ઈન્સ્ટન્ટ મળશે તેવી આશા ન રાખો, સફળતા અને તક તમારા દ્વાર ખખડાવશે તેવી આશા ન રાખો, તમારે તકને શોધવી પડશે. તમારી સિધ્ધિઓ, કલ્પનાઓની કોઈ મર્યાદાઓ નથી અને તમારો રસ્તો અમર્યાદિત છે. પ્રારંભમાં યુનિવર્સિટીના પ્રેસિડન્ટ ડો. કરશનભાઈ પટેલે યુનિવર્સિટી અંગે માહિતી આપી હતી.


# મેં મારા મગજને તાળુ મારી દીધું છે અને તેની ચાવી ગાંધીજીને આપી દીધી છે

ભારતના જાહેરજીવનમાં જેમનું અનન્ય પ્રદાન છે એવા સરદાર પટેલને જેમ મુસ્લિમવિરોધી તેમ દલિતવિરોધી પણ ચીતરવામાં આવે છે. સરદારના દેહવિલયના ખાસ્સા છ દાયકા પછી સરદારના જીવન, કાર્ય અને વિચારોનું દલિતો સંદર્ભે મૂલ્યાંકન કરું છું ત્યારે આનંદ, આશ્ચર્ય અને આઘાતની મિશ્ર લાગણી અનુભવું છું. છેક કિશોરકાળથી બારી બારણાં બંધ કર્યાના આક્રોશસભર વિધાનો સાંભળતો આવ્યો છું.પરંતુ ગાંધી-સરદાર સાહિત્યમાંથી પસાર થતાં કંઈક જુદું જ સત્ય લાધે છે.

ધીકતી વકીલાત અને દોમદોમ સાહ્યબી વચ્ચે જીવતા વલ્લભભાઈને વીસમી સદીના બીજા દાયકાના મધ્યભાગ સુધી ગાંધીજીનું કશું જ આકર્ષણ નહોતું. બલકે તેઓ ગાંધીજી પ્રત્યે કંઈક ઉપેક્ષાનો ભાવ ધરાવતા હતા.ઈ.સ.૧૯૧૬માં જયારે ગાંધીજી અમદાવાદના વકીલોના બોલાવ્યા ગુજરાત કલબમાં આવ્યા ત્યારે વલ્લભભાઈ એમના નિત્યક્રમ મુજબ પત્તાં રમવામાં જ રમમાણ હતા. ગાંધીના "તેજસ્વી વિચારો"માં તેમને "ચક્રમ" ભાસતો હતો. પરંતુ તે પછીના વરસોમાં તેમના વિચારોમાં એવો તો પલટો આવ્યો કે તેઓ પોતા માટે કહેતાં કે, "મેં મારા મગજને તાળુ મારી દીધું છે અને તેની ચાવી ગાંધીજીને આપી દીધી છે,"

જોન શીલાડી નામના અંગ્રેજ અમલદારને સીધો કરવાના ઉદ્દેશથી સરદારને અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય બનાવાયા પણ ઈ.સ.૧૯૧૭ થી ૧૯૨૭ના એક દાયકા સુધી તેમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીના સદસ્ય, વિવિધ કમિટીઓના ચેરમેન અને છેલ્લે પ્રમુખ તરીકે એવો ઉજળો હિસાબ આપ્યો કે પછી મહાત્મા ગાંધીએ અમદાવાદની વાડીલાલ હોસ્પિટલની મુલાકાત પોથીમાં નોંધ્યું હતું:"સરદાર વલ્લભભાઈની જય હો. આ ઈસ્પિતાલ જોઈને હું રાજી થયો છું."

"શહેરનો કચરો સાફ કરવાનું કામ, રાજકારણની ગંદકી સાફ કરવા કરતાં તદન જુદું છે." એમ માનનાર સરદાર આરંભમાં સેનેટરી સમિતિના અધ્યક્ષ બન્યા અને શહેરમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે અન્ય આગેવાનોની જેમ પોતાની જાત બચાવવા શહે છોડી ભાગી જવાને બદલે પોતાના કામમાં મંડ્યા રહ્યા. અમદાવાદની શેરીઓમાં ઘૂમતા, ગટરો સાફ કરાવતા અને પ્લેગગ્રસ્ત વિસ્તારોમાં જંતુનાશક દવાઓ છંટાવતા સરદાર કહેતાં, "મેં સફાઈ કમિટીનું અધ્યક્ષપદ સ્વીકાર્યું છે અને તેની જવાબદારી ઉઠાવી છે. હું મારી સલામતી માટે કેવી રીતે ભાગી છૂટું? મારી ફરજ છોડીને ભાગવું એ તો જનતાનો દ્રોહ કર્યા જેવું થાય. મારા હાથ નીચેના નોકરિયાતો પ્લેગનું જોખમ ઉઠાવે અને હું જીવ બચાવવા ભાગી છૂટું?"



એ દિવસોમાં સરદાર અમદાવાદની મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ હતા. કોંગ્રેસના આગેવાનોના વિરોધ છતાં સરદારે ભારે સમજાવટથી દલિત કચરાભાઈ ભગતને પણ ટિકિટ આપી હતી અને જીતાડ્યા હતા. દલિત કામદારોની વસ્તી અને તેમની નાગરિક અસુવિધાઓથી સરદાર વાકેફ હતા. અનેક મજૂર વિસ્તારોમાં તેઓ ફરતા હતા. શહેરની શાળાઓને અંગ્રેજ સરકારની ચૂંગાલમાંથી મુક્ત કરાવનાર સરદારે જ શહેરને ગટર સુવિધા આપી અને રિલીફ રોડ પણ. અમદાવાદના કામદાર વિસ્તારની ચાલીઓમાં દલિત સ્ત્રીઓને ખુલ્લામાં નહાવું પડતું હતું. સરદારે મજૂર મહાજનની માગણીથી ચાલીઓમાં નાવણિયા બનાવડાવ્યા હતા. ૧૯૧૭ની ગોધરા રાજકીય પરિષદમાં વેઠ નાબૂદી માટે ઠરાવ થયેલો તેના અમલની જવાબદારી ગાંધીજીએ સરદાર પટેલને ભળાવેલી. સરદારે અંગ્રેજ અમલદારોની જોહુકમી બંધ કરાવી હતી. ગાંધીજી કરતાં થોડો જુદો રાહ લઈને પણ તેમણે વેઠ નાબૂદી આંદોલન સફળ બનાવ્યું. સરદારના સફળ આંદોલનોમાં જો મોટા ખેડૂતોના બારડોલી સત્યાગ્રહનું નામ છે તો સામાન્ય ગરીબ કારીગરોને રંજાડતા વેઠ નાબૂદી આંદોલનનું પણ નામ છે જ.

સરદારની ગાંધીભક્તિ તેમનાં અસ્પૃશ્યતા નિવારણના કાર્યોમાં ભારોભાર દેખાય છે. ૧૯૨૨નાં નવેમ્બરમાં વલ્લભભાઈની ઉપસ્થિતિમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ મળી હતી. આ પરિષદે અસ્પૃશ્યતા નાબૂદીનો ઠરાવ કરેલો. પણ કોંગ્રેસીઓનો આભડછેટ નાબૂદીનો દંભ પણ એ પરિષદમાં જોવા મળતો હતો. આ પરિષદમાં અસ્પૃશ્યો માટે અલગ બેસવાની વ્યવસ્થા હતી. એટલું જ નહીં કોંગ્રેસી સ્વંયસેવકો અસ્પૃશ્યો અલગ જ બેસે અને કોઈને અડકી ન જાય તેની કાળજી રાખવા ખડે પગે ઉભા હતા. સરદાર માટે આ સ્થિતિ અસહ્ય હતી, તેઓ સભામંચ પરથી ઉઠીને અસ્પૃશ્યો ભેગા જઈ બેઠા. દરબાર ગોપાલદાસ પણ તેમને અનુસર્યા. આ પરિષદમાં સરદારે અસ્પૃશ્યોના અલગ વિભાગમાં ઉભા ઉભા જ ભાષણ કર્યું અને દાસપીઠ જ વ્યાસપીઠ બની.

★ ★ ★ ★ ★ ★

નેહરુ કેબિનેટમાં ડો. આંબેડકર કે શ્યામાપ્રસાદ મુખરજી જેવા હાડોહાડ કોંગ્રેસ વિરોધીઓને સ્થાન મળ્યું તેમાં સરદાર પટેલે નિર્ણાયક ભાગ ભજવ્યો હોવાનું રાજમોહન ગાંધીનું કહેવું છે.

બંધારણ સભામાં ડો.આંબેડકર મુસદ્દા સમિતિના અધ્યક્ષ હતા તો સરદાર પટેલ લઘુમતીઓ માટેના અધિકારો તથા રાજ્યોનાં બંધારણ માટેની સમિતિના અધ્યક્ષ હતા. બારડોલી સત્યાગ્રહ પછી મળેલી મહારાષ્ટ્ર રાજકીય પરિષદના અધ્યક્ષપદેથી સરદારે આભડછેટને હિંદુ ધર્મનું કલંક ગણાવેલું. એ વખતે એમની આકરી ટીકાઓ થયેલી.ગાંધીભક્ત સરદારે આભડછેટ નાબૂદી માટે પોતાનાથી થાય તે સઘળા પ્રયત્નો કર્યા પણ કર્યા હતા. ૨૯મી એપ્રિલ,૧૯૪૭ના રોજ બંધારણ સભા સમક્ષ અસ્પૃશ્યતા નાબૂદીનો ઠરાવ, ડો.આંબેડકરની ઉપસ્થિતિમાં અને ગાંધીજીના જયજયકાર વચ્ચે રજૂ કરવાનું મોટું કામ સરદારના હાથે થયેલું. એ રીતે આભડછેટને કાયદાકીય રીતે કે બંધારણીય માર્ગે નાબૂદ કરવાનું શક્ય બન્યું હતું.

૧૯૪૮માં અમદાવાદના કાલુપુર સ્વામીનારાયણ મંદિરમાં દલિતોના પ્રવેશ માટેનું કોંગ્રેસે શરૂ કરેલું આંદોલન બહુ લાંબુ ચાલ્યું. અને વહીવટદારો પ્રવેશ માટે નામકર ગયા ત્યારે આઝાદ ભારતના ગૃહપ્રધાન સરદાર પટેલે અમદાવાદમાં આવી સિંહ ગર્જના કરેલી : " સ્વામીનારાયણના મંદિરવાળાઓ પોતાના મંદિરોમાં હરિજનોને પ્રવેશ કરાવે અથવા પોતાના મંદિરો ભારતની ધરતી પરથી ઉંચે આસમાનમાં લઈ જાય. આ ભારતની ધરતી પરનું એક પણ મંદિર હરિજન મંદિર પ્રવેશ વગર રહી શકશે નહીં."

- ચંદુ મહેરિયા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૪**
તમાશા
૧૨.૪૫
પ્રેમ રતન ધન પાયો
૩.૩૦
એન્ગ્રી ઇન્ડિયન ગોડેસીસ
૭.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
છેલ્લો દિવસ
૩.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦, ૧૨.૩૦

# ન ભૂતો ન ભવિષ્યતિ એવા સરદાર પટેલ

પહેલાં ચોખવટ એ કરી લઉં કે સરદાર પટેલના આપણે સૌ અનુગામી અને વંશજ કહેવાની ક્ષમતા કેળવવા માંગતા હોઈએ તો, 'સત્ય એ જ ઈશ્વર'નો મંત્ર ગાંધીજી કનેથી એમણે જેમ ગૂંજે બાંધ્યો હતો, એમ આપણે પણ માત્ર સરદાર વિષયક ભાવાવેશી વાતો કરવાને બદલે એમના વ્યક્તિત્વ અને કર્મોનાં સત્યોને પરખીને અનુસરીએ. શક્ય છે કે મારી કેટલીક વાતો તમને આંચકો આપે, પણ એ તથ્યના આધાર અને દસ્તાવેજી હકીકતોથી અલગ નહીં હોય એની ખાતરી આપું છું. સરદાર સાહેબનું નામ લઈને ખેલાતી લીલાઓનો હિસ્સો હું નથી એટલે 'સત્યં અપિ અપ્રિયં બ્રુયાત્'માં વિશ્વાસ રાખીને વાત મૂકવાનું જ મને અનુકૂળ આવે છે.

તાજેતરના ઘટનાક્રમમાં સરદાર પટેલનું નામ પટેલ અનામત સાથે ખૂબ જોડવામાં આવ્યું ત્યારે વ્યથિત થવાયું. સરદાર પટેલને બંધારણ સભામાં અનામત વ્યવસ્થા પર સ્પષ્ટ મત વ્યક્ત કરતા અનુભવ્યા પછી સહેજે સમજી શકાય કે દલિતો અને આદિવાસીઓ સિવાય કોઈને માટે અનામત વ્યવસ્થાના એ સમર્થક નહોતા. ધાર્મિક અનામતના પણ પક્ષધર નહોતા. શીખોમાંના દલિતો માટેની અનામત વ્યવસ્થા એમણે નાછૂટકે સ્વીકારી હતી. તો પછી પટેલો માટે કરમસદમાં એમણે અનામતની તરફેણ કર્યાની ચલાવાતી વાતો નર્યા ગપગોળાથી વિશેષ નથી એવું મારો અભ્યાસ કહે છે. પટેલો ખુદ્દારી અને ખુમારીવાળી પ્રજા છે. આપબળે પોતાનું વિશ્વ સર્જી શકે છે. એમણે અનામત પ્રથાનો લાભ લેવા સરદાર પટેલના નામને આગળ કરવું પડે તો એ નિશ્ચિત સરદારનું અપમાન છે.

સરદાર પટેલ સ્મારકો અને પ્રતિમાઓના વિરોધી હતા. ૧૪ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ એમણે વ્યક્ત કરેલો મત કાંઈક આવો હતો: "ગાંધીજીને નામે મંદિરો ઊભાં કરવાના અથવા બુતપરસ્તીની ગંધ આવે એવાં તેમનાં બીજા સ્મારકો ઊભાં કરવાના જે અનેક પ્રયાસો થઈ રહ્યા છે તેના પ્રત્યે મારો ભારે અણગમો છે." છતાં સરદાર સાહેબનાં બાવલાં કે વિશ્વની ઊંચામાં ઊંચી પ્રતિમાઓ કે સ્મારકો થકી સરદારને બદલે સ્વનાં હિત સાધવાના પ્રયાસો દાયકાઓથી થતા રહ્યા છે. સરદારનો આત્મા તો પોતાના આદર્શોના ભારતવાસીઓ દ્વારા આચરણની અપેક્ષા કરતો હશે. એના નામને વટાવનારા છોટે સરદાર-મોટે સરદારની વૃત્તિ-પ્રવૃત્તિથી તો એ કણસતો હશે. આપણે સરદારના સચ્ચાઈભર્યા વ્યક્તિત્વને જાણી-નાણીને અનુસરીએ એમાં જ ગનીમત.

પંડિત નેહરુ અને બીજા કોંગ્રેસી આગેવાનો આઈસીએસ અધિકારીઓને 'બ્રિટિશ એજન્ટ' ગણીને ધિક્કારતા હતા ત્યારે દીર્ઘદૃષ્ટા સરદાર સાહેબે બંધારણ સભામાં કહેલા શબ્દોનું સ્મરણ કરવા જેવું છે: 'જો તેઓ દેશદ્રોહી છે તો હું સૌથી મોટો દેશદ્રોહી છું. એમને આપણે સાચવીશું તો રાષ્ટ્રનિર્માણમાં એ સહયોગ કરશે.' સરદાર સાહેબે વર્તમાન આઈએએસ અને આઈપીએસની સનદી સેવાની સ્થાપના કરી હતી એનું સ્મરણ રહે. જો કે એમને કહ્યાગરા નોકરશાહો ખપતા નહોતા. સાચી વાત કોઈપણ જાતના ડર વિના રજૂ કરે એવા નીડર અધિકારીઓ એમને અભિપ્રેત હતા. એમણે તો પોતાના ગૃહ સચિવ સહિતનાને કહ્યું હતું કે દેશના હિતમાં તમે મારા કરતાં પણ જુદો મત ધરાવતા હો તો જરૂર એવી નોંધ મૂકજો. ઘણીવાર એમણે પોતાના મત કરતાં જુદા મતથી નોંધનો સ્વીકાર કર્યો છે.

એ સરદાર સાહેબ આજે ખૂબ યાદ આવે છે. એમના મૃત્યુ વખતે આઈસીએસ અધિકારીઓએ પહેલી અને છેલ્લીવાર કોઈ રાજકીય શાસકને અંજલિ અર્પવા સભા ભરી હતી. સરદાર સાહેબને એક માત્ર હિંદુ મહાસભાવાળાઓ સિવાય તમામ પક્ષોએ અંજલિ અર્પી હતી. મધ્યપ્રાંતના કોંગ્રેસી પ્રીમિયર(વર્તમાન સંજોગોમાં મુખ્યમંત્રી) નારાયણ ભાસ્કર ખરેને સરદાર પટેલે હોદ્દેથી દૂર કરાવ્યાના ભ્રામિક પ્રચારથી એ કોંગ્રેસ છોડીને હિંદુ મહાસભામાં જોડાઈ અંગ્રેજોના નિષ્ઠાવંત બન્યા હતા. વાઈસરૉયની કાઉન્સિલમાં ખરે પ્રધાનપદું પણ ભોગવતા રહ્યા. તેમણે સરદાર સાહેબ માટે જીવ્યા ત્યાં લગી ડંખ રાખ્યો. હિંદુ મહાસભા તરફથી અખંડ ભારતના શિલ્પીને સાદી અંજલિ આપવાનું પણ ટાળવામાં આવ્યું એનું નિમિત્ત ખરે જ બન્યા હતા.

જો કે હિંદુ મહાસભાના અધ્યક્ષ રહેલા અને કોંગ્રેસના કટ્ટરવિરોધી એવા ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીને, દલિતોના નેતા અને કોંગ્રેસના કટ્ટર વિરોધી ગણાતા ડૉ.બાબાસાહેબ આંબેડકરની જેમ જ, દેશની પ્રથમ સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે જોડાવા માટેની ગોઠવણ કરનાર પણ સરદાર સાહેબ જ હતા. કોંગ્રેસ વિરોધી રહેલા અને ભવિષ્યમાં પણ કોંગ્રેસ વિરોધી બનેલા આ બેઉ નેતાને રાષ્ટ્રનિર્માણના કામમાં જોતરવામાં સરદારને વાંધો પડ્યો નહોતો. ડૉ.આંબેડકર પણ હિંદુ મહાસભાના નેતાઓની જેમ જ વાઈસરૉયની કાઉન્સિલમાં પ્રધાનપદે રહ્યા હતા. ડૉ.મુખરજી તો બંગાળમાં ૧૯૪૨માં રચાયેલી ફઝલુલ હકની સરકારમાં નાણાં પ્રધાન હતા. આ એ જ ફઝલુલ હક જેમણે મુસ્લિમ લીગના લાહોર અધિવેશનમાં માર્ચ ૧૯૪૦માં પાકિસ્તાનની રચનાનો ઠરાવ રજૂ કર્યો હતો. એ જ ડૉ.મુખરજી નેહરુ સરકારમાંથી ઉદ્યોગપ્રધાન તરીકે છૂટા થઈને ભારતીય જનસંઘ(ભારતીય જનતાપાર્ટીના પૂર્વ અવતાર)ના સંસ્થાપક બન્યા હતા. સરદાર પટેલના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંનો અભ્યાસ કરવા જતાં સમુદ્રમંથન જેવા સંજોગો અનુભવાય છે. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા સરદાર પટેલ વિશે આવતા દિવસોમાં એમના વ્યક્તિત્વ વિશેનાં નવાં તથ્યો પ્રકાશમાં આવશે એવી શ્રદ્ધા છે.

- ડૉ. હરિ દેસાઈ